# જય અંબેના જયઘોષ સાથે 'મા'ના ધામ તરફ ભાવિકો ઉમટી રહ્યા છે



જગતજનની મા અંબાનો પ્રાગટ્ય દિન એટલે ભાદરવી પૂનમની ધામધૂમથી અંબાજીમાં ઉજવાય છે. પ્રાગટ્ય દિને લાખો ભક્તો મા જગત કલ્યાણીના ધામ અંબાજીમાં ઉમટી રહ્યા છે. વર્ષોની પરંપરા પ્રમાણે ધ્વજા, પતાકા અને 'મા'ના શણગારેલા રથ લઈ વાજતે ગાજતે પદયાત્રા રૂપે અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. દૂર-દૂરથી ભાવિકો જય અંબેના જયઘોષ સાથે હાલ નેશનલ હાઈ-વે પરથી મા ના ધામ તરફ મા ની મંજીલ સર કરી દુઆ લેવા જઈ રહ્યા છે. બીજી તરફ લાખો પદયાત્રિકોની સેવા માટે ચિલોડા, તાજપુર, મજરા, ઘડકણ, પ્રાંતિજ, સલાલ, હિંમતનગર સુધી સેવાકીય વિસામાં પણ ધમધમી રહ્યા છે. જ્યારે તંત્ર દ્વારા પણ ૨૪ કલાક આરોગ્ય સેવાઓ આપી રહ્યા છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પાલનપુર હાઈ-વે પર ટ્રેક્ટરની ટક્કરે બાઈક સવાર યુવાનને ઈજા

પાલનપુર, તા. ૩૧

પાલનપુર-આબુ હાઈ-વે પર પુરપાટ ઝડપે ટ્રેક્ટર હંકારતા ચાલકે એક બાઈક સવાર યુવાનને અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

પાલનપુર આબુ હાઈ-વે પર એંગોલા માર્ગ પરથી જીજે-૮-પી-૫૧૬૧ નો ટ્રેક્ટર ચાલક પુરપાટ ઝડપે ટ્રેક્ટર લઈ પસાર થઈ રહ્યો હતો. દરમિયાન નજીકથી પસાર થતા બાઈકને ટ્રેક્ટર ચાલકે જોરદાર ટક્કર મારતા બાઈક સવાર યુવાન રગનાથ દાનાભાઈ જોષીને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી ઘાયલ યુવાનને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે અકસ્માત અંગે પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વરસાદને પગલે ખેડૂતો આનંદીત

પ્રાંતિજ, તા. ૩૧

ચોમાસાના બબ્બે વરસાદમાં પ્રાંતિજ તાલુકાના કિસાનોએ હજારો હેક્ટરમાં પાકોનું વાવેતર કરી દીધુ હતુ. બાદમાં વરસાદે હાથ તાળી આપતા આકાશી ખેતી પર આધાર રાખનારા કિસાનો પાણી વગર મુંઝવાઈ રહ્યા હતા. ત્યારે શનિવારે સાંજે અચાનક જ જોરદાર વરસાદ પડતા કિસાનોની મુરઝાતી ખેતીને જીવનદાન મળ્યું છે. આથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી છે.

### માતાને રિઝવવા માટે

# મોડાસા તાલુકાના ખલીકપુર ગામે અબોલા જીવની બલી ચઢાવવામાં આવી

## આજે પણ ૨૧મી સદીમાં અંધશ્રધ્ધામાં જીવતા લોકો

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લા ના મોડાસા તાલુકા ના ખલીકપુર ગાના લોકો હાલ ના ૨૧ મી સદી ના હાઈટેક યુગ માં પણ અંધશ્રધ્ધા તરફ વળેલા છે. આ ગામના લોકો એ આજે માતા ને રીઝવવા માટે ભુવા અને તાંત્રીક ની મોહમાયા માં આવી ગામના ભોળા લોકોએ માતા ને બલી ચઢાવવા માટે અબોલ પશુ ને ધરી દેતા હોય છે. જયારે આ ભુવાઓ આવી ગરીબ ભોળી પ્રજાને ભોળવી પોતાના ખીસ્સા ભરી મનો વ્યાપલો ચલાવતા હોય છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર થી આશરે ૧૦ કી.મી. ના અંતરે ખલીકપુર ગામે આવેલ ગ્રામ પંચાયતની ઓફીસ અને બાળકો ની આંગણવાડી અને પ્રાથમીક શાળાની બીલકુલ સામે ના પંટાગણ આગળ માતાનો પઠ પુરવો હોમ અને હવાન કરવુ તેવુ આ ભુવાઓ ધ્વારા પોતાના ખીસ્સા ભરવા કહેવામાં આવે છે. તમારા ગામ માં સુખ શાંતી અને સમૃધ્ધી રહે અને ગામ માં રોગચાળો ના ફેલાય અથવા તો દુકાળ ના પડે તે માટે ગામમાં ગામ લોકો ને ભેગા કરી ને આ ભુવાઓ ધ્વારા માતા ધુણાવી અને બેડીયા નો પાઠ પુરી આ ગરીબ પ્રજાને અંદરો અંદર એકબીજાની દુશ્મન બનાવી તાંત્રીકો ધ્વારા તેમના ઘર ભરવા ના ધંધા આદર્યા છે. તેવુ આ ગામ લોકો એ જણાઝયુ હતુ જયારે ગામ લોકો ધ્વારા તો એવુ પણ જણાવવામાં આવ્યુ હતુ કે હવે તો સરકાર ધ્વારા પણ મંદિર મસ્જીદ માં બલી ચઢચવવા પર પ્રતીબંધ લગાવેલ છે.જેના કરાણે ધર્મ ની લાગણી દુભાય ત્યારે મોડાસા શહેર માં કોઈ ગામ માં બલી ચઢાવવામાં આવતી નથી તો અમારા ગામ માં કેમ????હવે સરકાર ધ્વારા આ ગામની ધોળી જનતા ને છેતરતા ભુવાઓ ઉપર કાર્યવાહી કરી આ ગા માં બલી પ્રથા બંધ કરાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

જયારે આ ગામ ના પુર્વ સરપંચ ડાહયાભાઈ ખાંટે જણાવ્ હતુ કે આજે આપણા દેશ માં સાયન્સે એટલી બધી તરકકી કરી છે. કે લોકો ચાંદ પર પણ વસવાટ કરી શકે છે. અને દેશ માં ૨૧ મી સદી તરફ આગળ વધી રહયો છે. ત્યારે અમારા ગામ ખલીકપુર આગળ જવાને બદલે પાછળ ૧૮ મી સદી માં જઈ રહયો હોય તેવુ લાગી રહયુ તેમ માતાને રીઝવવા ભુવાઓ અને તાંત્રીકો ધ્વારા અબોલ પશુ ની બલી નો સહારો લે છે. આજે ભારદરવી પુન મો મહીમા અને રામદેવપીર ના નોરતા ગણેશ ચર્તુથી જેવા ધાર્મીક તહેવારોમાં પણ અબોલા પશુઓ નો બલી કેટલા અંશે વ્યાજબી છે.???તો સરકાર ધ્વારા આ બલી સામે કડક કાર્યવાહી કરી જાહેર સ્થળો પર બલી પ્રથા બધ કરે તુવુ ખલીકપુર ગ્મ ની પ્રજા ઈરછી રહી છે.



જો જીવદયા પ્રેમીઓ ધ્વારા પણ આ ભુવાઓ તાંત્રીકો સામે લાલ આંખ કરી આ ભુવાઓ ની મોહમાળા માં આ ભોળી જનતા ના ફસાય તે બાબતે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

# ડીસામાં ત્રણ સ્થળોએ ચોરી

## કુપટના શિતળા માતા મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું : તસ્કરો પોણા બે લાખથી વધુની મત્તા ચોરી ગયા

ડીસા, તા. ૩૧

ડીસા શહેરમાં અઠવાડીયા પહેલા એક જ રાતમાં ૭ મકાનો માં થયેલ ચોરીનો હજુ ભેદ પણ ઉકેલાયો નથી ત્યારે ફરી આજે શહેરના ત્રણ સ્થળે ચોરી થવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા તાલુકાના કુપટ ગામે રાત્રિ દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ પ્રખ્યાત શિતળા માતાના મંદિરને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ માતાજીના રૂ. ૫ હજારના દાગીનાની ચોરી કરી હતી આ બાબતે ગ્રામજનો દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે અઠવાડીયા પહેલા તસ્કરોએ એક જ રાતમાં પાંચ મકાનોને નિશાન બનાવ્યા હતા તે અતિથ્ય બંગ્લોઝમાં તસ્કરોએ ફરી પુનરાવર્તન કર્યું હતું. જેમાં રાહુલ પટેલના બંધ મકાનમાંથી રૂ. ૨૧ હજાર તેમના ભાઈ મુકેશભાઈ પટેલના મકાનમાંથી રૂ. ૧૨ હજાર તેમજ ડીસાના વણઝારા વાસમાં રમેશજી ઠાકોરના ઘરમાંથી મોડી રાત્રે રૂ. ૧.૫૦ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ઉપરાંત આનંદ બંગ્લોઝ મકાન નં. ૧૨૩ માં પણ ડૉ. સુનિલ ઠાકોરના ઘરે ચોરી થવા પામી હતી.



ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં ધોરણ-૧ થી ૮ ની બાળાઓની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સ્વચ્છતા સંબંધી સૂત્ર લેખન, નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડવા શાળાના શિક્ષિકા ગીતાબેન દ્વારા બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ સાથે સાથે ટી શર્ટ અને લેંગીંગ્સનું વિતરણ પણ કર્યું હતું.

# પરિણીતી ચોપ્રાની હેરસ્ટાઈલ અને લુકનું રહસ્ય પેન્ટીન શેમ્પુ

અમદાવાદ, તા.૩૧

જાણીતી શેમ્પુ બ્રાન્ડ પેન્ટીન દ્વારા તાજેતરમાં યોજવામાં આવેલા એક કાર્યક્રમમાં જાણીતી અભિનેત્રીઓ પરિણીતી ચોપ્રા અને પેન્ટીન હેર નિષ્ણાત કુલિન ખાતે પેન્ટીન શેમ્પુના વપરાશ દ્વારા પોતાની હેરસ્ટાઈલ અને લુકસમાં આવેલા પરિવર્તનમાં અનુભવો વર્ણવ્યા હતા.

યુથ આઈકોન તરીકે જાણીતી પરિણીતી ચોપ્રાએ પેન્ટીન બ્રાન્ડની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે હોવાનો સંતોષ વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે 'પેન્ટીન શ્રેષ્ઠ હેર કેરની હું સાક્ષી છું અને મેં અનુભવ કર્યો છે.'

પેન્ટીન હેર નિષ્ણાત ફલીન ખાને પણ અન્ય બ્રાન્ડસની સરખામણીમાં પેન્ટીન શેમ્પુનાં વિશેષ આકર્ષણો અને ફાયદાઓ વિશે વિસ્તારપૂર્વક જણાવ્યું હતું. પેન્ટીન રેન્જમાં પ્રો.વી. ફોર્મ્યુલા ટેકનોલોજી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સામાન્ય રીતે વરસાદના આગમન સાથે જ ગૌચર જમીન પર ઉગી નીકળતા ઘાસચારો અને લીલોતરી ખાવા મોટે ભાગે ગાયો જોવા મળતી હોય છે. પરંતુ આ વર્ષે ઘાસચારાની તંગીને લઈ અઢળક દૂધની આવક આપતી પશુપાલકોની ભેંસો પણ ભરકાવાડાની આસપાસના ગૌચર વિસ્તારમાં ઘાસ આરોગી રહી છે.

## જગાણા ગામે વીજ કરંટથી ગાયનું મોત

પાલનપુર, તા. ૩૧

પાલનપુર નજીક આવેલા જગાણા ગામે ગતરોજ વરસાદને કારણે વીજકરંટથી ગાયનું કરૂણ મોત થયું હતું. પાલનપુર નજીક જગાણા ગામ આવેલુ છે. જ્યાં ગતરોજ અચાનક થયેલા વરસાદને પગલે ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. દરમિયાન જાહેર માર્ગના વીજ થાંભલા પાસે ઉભેલી એક ગાયને અચાનક જ વીજ કરંટ લાગતા ગાય ભારે તડફડીયા મારતી ઘટનાસ્થળે જ મોતને ભેટી હતી.

# અરવલ્લી જીલ્લાના માર્ગો અંબાજી જતા પદયાત્રીઓથી ઉભરાયા

## રથ લઈને આસો સુદ નવરાત્રીનુ માતાજીને નિમંત્રણ આપવા જતા ભકતો

અરવલ્લી જીલ્લાના માર્ગો ભાદરવી પુનમ આવતા ની સાથે જ મા અંબા ના ચરણો માં શીશ નમાવા આવતા મોટા પાયે પદયાત્રીઓ નો ઘસારો મોડાસા શહેર માં જોવા મળી રહયો છે. દિવસે ને દિવસે થી ગુજી ઉઠયા છે. ભકતો આગળ આવતા જગદંબે માતા ના નોરતા માં પોતાના શેરી અથવા મહોલ્લા માં માતા



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

માટે અંબાજી પગપાળા જતા હોય છે. ત્યારે જીલ્લા ના વડા મથક મોડાસા માં અલગ અલગ જીલ્લા માં થી આવતા રથો પ્રયાણ કરી રહયા છે. મોડાસ માં પંચમહાલ છોટાઉદેપુર દાહોદ તથા મધ્યપ્રદેશ થતરફથી માઈભકતો નો ધસમસતો પ્શ્રવાહ અંબાજી તરફ રેલાઈ રહયો છે. ત્યારે સમગ્ર માર્ગો પર હાલ તો હેડ.અંબાજી તુરેલ ગાડી...મને અંબે.. માની.... યાદ આવી તેમજ બોલ માડી.... અંબે....જય....જય અંબે ના નાદ ને પધારવા આમંત્રણ પાઠવવા પોતાના ઘરે અંબાજી સુધી પગપાળા જાય છે. જે ભાદરવી પુનમ સુધી અંબાજી પહોચી જાય છે. અને માતાજી ને આજીજી કરી હેમહવન કરી દર્શન નો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

# મા ધરતી અને પ્રકૃતિનું જતન કરવું સૌની ફરજ છે : બંધાનિધિ પાની

## હિંમતનગર ખાતે પર્યાવરણના જતન માટે પ્લાસ્ટિક મુક્ત અંબાજી પદયાત્રા અંતર્ગત જનભાગીદારી માટેનો યોજાયેલ પરિસંવાદ

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસ અંતર્ગત પર્યાવરણ



જતન માટે પ્લાસ્ટીક મુકત પદયાત્રા માટે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પદાધિકારી, અધિકારી, ઔધોગિક ગૃહો, શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ તથા વિસામાના સંચાલકઓની જનભાગીદારી માટેનો પરિસંવાદ જિલ્લા પંચાયત અને ગ્રામ વિકાસ એજન્સી, સાબરકાંઠાના સંયુકત ઉપક્રમે કલેકટર બંછાનિધિ પાની અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ પરિસંવાદમાં અધ્યક્ષસ્થાનેથી કલેકટર બંધાનિધિ પાનીએ જણાવ્યું હતું કે મા ધરતી અને -કૃતિનું જતન કરવું સૌની ફરજ છે. અંબાજી પદયાત્રા અનાદિકાળથી થાય છે જેમાં સાબરકાંઠામાં આ પહેલીવાર સ્વચ્છતા અભિયાનનું ઉમદા કાર્ય જનભાગીદારીથી પૂર્ણ કરવા સંકલ્પ કરેલ છે. ત્યારે સ્વચ્છતા દરેક કાર્યમાં છેલ્લે રહેતી, જેને વડા-ધાનએ લાલકિલ્લા પરથી પહેલા -વચનમાં અગ્રતાએ દરેક પરિવારમાં શૌચાલયની સુવિધાથી સ્વચ્છતા જળવાય તેવા વાતાવરણ નિર્માણ કરી `નિર્મળ ગુજરાત- નિર્મળ ભારતની સંકલ્પનાને સાર્થક કરવા સ્વચ્છતા અને પર્યાવરણ અંગે ચેતનવંત થવા અનુરોધ કર્યો હતો.

પરિસંવાદની શરૂઆતમાં ગ્રામ વિકાસ એજન્સીના નિયામક મતિ ભાર્ગવીબેન દવેએ ભાદરવી પુનમે સમગ્ર ગુજરાતના ગામે ગામથી શ્રધ્ધા, ભકિત અને આસ્થાથી જગત-જનની આદ્યશકિત માં અંબિકાના દર્શને જતા યાત્રાળુઓની સૌ વર્ષોથી સેવા કરો છો અને આ નિઃસ્વાર્થ સેવાકીય -વૃતતિઓને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હૃદયપૂર્વક બિરદાવી જણાવ્યું હતું કે પદયાત્રાના માર્ગે સબંધિત તાલુકા પંચાયત, નગરપાલિકામાં વિસામાની નોંધણી કરાવવા, વિસામાના સ્થળે મહિલાઓ અને પરૂષ માટે કંતાનના હંગામી તથા

બાજુમાં પાણીની સુવિધા સાથેના શૌચાલય બનાવવા, કચરા પેટીઓ રાખવા, ચા-પાણી વિતરણ માટે પ્લાસ્ટીકના પાતળા કપને બદલે પેપર કપ અને નાસ્તા તથા જમણ માટે પ્લાસ્ટીકના સ્થાને પેપર ડીસ અને પતરાળાનો ઉપયોગ કરવા, પાણીના પાઉચના સ્થાને ઠંડા વોટર જગ રાખી સ્ટીલ/પ્લાસ્ટીકના જાડા ગ્લાસથી પાણી વિતરણ કરી વિસામા ઉપરથી શકય તેટલી ઓછી માત્રામાં પ્લાસ્ટીકનો ઉપયોગ કરવા જણાવી દરરોજ ઉત્પન્ન થતો ફળાદીની છાલો, રસોઈનો એઠવાડ વગેરે ઓર્ગેનીક કચરાને ખાડો ખોદી તેમાં નાખી દેવા તેમજ તેના ઉપર જંતુનાશક દવા છંટકાવ કરવા અપીલ કરવામાં આવી હતી.

આ -સંગે અંબાજી પદયાત્રા જન ભાગીદારી માટે હાર્દક અપીલ અંગેની સી.ડી.નું વિમોચન મહાનુભાવો હસ્તે કરવામાં આવ્યું હતું જેમાં સરકારી ખાનગી કોલેજ, પોલીટેકનીક, આઈટીઆઈના વિધાર્થીઓને સી.ડી. બતાવી તેમને અંબાજી પદયાત્રામાં પર્યાવરણ મિત્ર સ્વચ્છતા `-રક સ્વયંસેવક તરીકે કામ કરવા માટે `-રીત કરાયા હતા અને અંબાજી પદયાત્રા નિર્મળ બનાવવા માટે આર્થિક, સામાજીક, તાંત્રિક મદદ કરવાના આશય સાથે -ચાર -સાર માટેના બેનર હોડીગ્સ છપાવવા, સ્વયંસેવક કેપ, એ-ન, ગ્લોઝ અને માસ્ક આપવા, સ્વચ્છતા `-રકોને પ્લાસ્ટીક ઉઠાવવા માટે લોખંડના અણીવાળા સળીયા આપવા તેમજ માનવબળને આ અભિયાનમાં જોડી નિર્મળ-સાબરકાંઠા નિર્મળ-અરવલ્લીનું ધ્યેય સિધ્ધ કરવા વિનંતી કરી સંસ્થાને કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સીબીલીટી તરીકે આ -જેકટ ઓનરશીપ લેવા હાર્દિક અપીલ કરી હતી..


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...


સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ




ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦